શ્રમ આયુકતની કચેરી,ગુજરાત રાજય,
બ્લોકનં-૧૧,૧૨,૧૪,બીજો માળ.
સેકટર-૧૧, ઉધોગભવન, ગાંધીનગર
E-mail: asc-bgact-labour@gujarat.gov.in

ક્રમાંકઃ શ્ર.આ.૭(૪)/Election/Raj. /૨૦૨૪/ 2250      28/10/2024

સમય-મર્યાદાઃ ટોચ અગ્રતા

વંચાણે લીધોઃ- શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનો તા. ૨૫/૧૦/૨૦૨૪નો ઈ-મેઈલ પત્ર.

## પ રિ પ ત્ર

શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના તા. ૨૫/૧૦/૨૦૨૪ના ઈ-મેઈલના બિડાણે સામેલ મુખ્ય નિર્વાચન અધિકારી, રાજસ્થાન, જયપુરના તા. ૧૭/૧૦/૨૦૨૪ના પત્રથી જણાવ્યા મુજબ રાજસ્થાન રાજ્યમાં તા.૧૩/૧૧/૨૦૨૪, બુધવારના રોજ ૬૭-રામગઢ જીલ્લા અલવર અને ૧૬૧-ચોર્યાસી જીલ્લા ડુંગરપુર વિધાનસભાની પેટા-ચૂંટણી યોજાનાર છે.

વટાઉખત અધિનિયમ-૧૮૮૧ની જોગવાઈ લાગુ પડતી ન હોય તેવી દુકાનો અને સંસ્થાઓ માટે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧માં ૧૯૯૬ના લોકપ્રતિનિધિત્વ (સુધારા) અધિનિયમથી દાખલ કરવામાં આવેલ કલમ-૧૩૫-બી ની જોગવાઈઓ અનુસાર કામદારોને મતદાન કરવા જવા માટે સવેતન છૂટ આપવાના હુકમો કરવાના રહે છે

આથી, રાજસ્થાન રાજ્યમાં તા.૧૩/૧૧/૨૦૨૪, બુધવારના રોજ વિધાનસભાની પેટા-ચૂંટણી માટે રાજસ્થાન રાજ્યના વતની હોય અને નોકરી ધંધા માટે ગુજરાત રાજ્યમાં રહેતા હોય તેવા રાજસ્થાન રાજ્યના મતદારોને લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧માં ૧૯૯૬ના લોકપ્રતિનિધિત્વ (સુધારા) અધિનિયમથી દાખલ કરવામાં આવેલ કલમ-૧૩૫-બી ની જોગવાઈઓ અનુસાર જરૂરી હુકમો કરવાના રહે છે.

આથી, ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ મુજબ આપવાની અઠવાડિક રજા જો મતદાનના દિવસે ન હોય તો અઠવાડિક રજાની બદલી કરીને,

(૧) રાજસ્થાન રાજ્યના વતની હોય અને નોકરી ધંધા માટે ગુજરાત રાજ્યમાં રહેતા હોય તેવા રાજસ્થાન રાજ્યના મતદારો મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે મતદાનના દિવસે સવેતન રજા આપવી.

(૨) ઉપર ક્રમ(૧)માં જણાવેલ કોઇપણ વ્યકિતના વેતનમાંથી કોઇ કપાત કે સુધારો કરવાનો રહેશે નહીં. અને જો આવી વ્યકિત સામાન્ય રીતે વેતન નહી મેળવે તેવા આધારે નોકરી ઉપર રાખવામાં આવેલ હોય છતાં પણ તેવી વ્યકિતને રજા આપવામાં આવી ન હોત અને તે દિવસે તેને જે વેતન મેળવવાપાત્ર હોય તેટલું વેતન મંજૂર કરવાનું રહેશે.

(૩) જો કોઇ નોકરી ઉપર રાખનાર વ્યકિત ઉપર ક્રમ(૧) અથવા (૨)માં જણાવેલ જોગવાઇઓનું ઉલ્લંઘન કરશે તો આવા નોકરીદાતા લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ-૧૩૫-બીની જોગવાઇ મુજબ ૫૦૦/- રૂા સુધીના દંડના પાત્ર રહેશે.

(૪) લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ-૧૩૫-બી એવા કોઇપણ મતદારોને લાગુ નહીં પડે કે તે જ્યાં નોકરી કરે છે ત્યાં તેની ગેરહાજરીને કારણે ભયજનક પરિસ્થિતિ ઉભી થાય તેમ હોય અથવા તેની ગેરહાજરી વ્યાપક નુકશાનમાં પરિણામે તેમ હોય.

(૫) લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫-બીની જોગવાઇ અનુસાર રોજમદાર/કેજ્યુઅલ કામદારો પણ મતદાનના દિવસે રજા અને વેતનના હકકદાર છે.

બિડાણઃ- ઉપર મુજબ

શ્રમ નિયામક,
ગુજરાત રાજય, ગાંધીનગર.

ક્રમાંકઃ શ્ર.આ.૭(૪)/Election/Raj /૨૦૨૪/ ૨૨૬૧ થી ૨૨૯૨
૨૮/૧૦/૨૦૨૪

પ્રતિ,

<u>નકલ સવિનય રવાનાઃ-</u>

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૨) અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,ગાંધીનગર.

(૩) નાયબ સચિવશ્રી, (પ્રોટોકોલ) સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૪) નાયબ સચિવશ્રી,શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૫) મુખ્ય નિર્વાચન અધિકારી, સામાન્ય વહીવટ વિભાગ, (ચૂંટણી વિભાગ), સરદાર ભવન બ્લોક નં ૭, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૬) સેકશન અધિકારીશ્રી,શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,ગાંધીનગર. અન્વયે જાણ સારુ.

(૭) નાયબ શ્રમ આયુકતશ્રી,અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ તાબાની તમામ કચેરીને જાણ કરવી.

(૮) નિયામકશ્રી, માહિતી અને પ્રાસારણ ખાતું, બ્લોક નં. ૧૯, જુના સચિવાલય,ગાંધીનગર તરફ આ સાથે સામેલ પ્રેસનોટ સમય-મર્યાદામાં પ્રસિધ્ધ કરવા સારૂ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૯) સિલેકટ ફાઇલ.

# વિધાનસભાની પેટા-ચૂંટણી-૨૦૨૪

## રાજસ્થાન રાજ્યની પેટા-ચૂંટણી તા.૧૩/૧૧/૨૦૨૪, બુધવાર

## પ્રેસનોટ

## શ્રમયોગીઓને મતદાન માટે રજા આપવા સુચના

રાજસ્થાન રાજ્યમાં તા.૧૩/૧૧/૨૦૨૪, બુધવારના રોજ ૬૭-રામગઢ જીલ્લા અલવર અને ૧૬૧-ચોર્યાસી જીલ્લા ડુંગરપુર ખાતે વિધાનસભાની પેટા-ચૂંટણી-૨૦૨૪ યોજાનાર છે.

આથી, રાજસ્થાન રાજ્યના ઉક્ત વિધાનસભા વિસ્તારના વતની હોય અને નોકરી ધંધા માટે ગુજરાત રાજ્યમાં રહેતા હોય તેવા રાજસ્થાન રાજ્યના ઉક્ત વિધાનસભા વિસ્તારના મતદારો મતદાનના દિવસે મતદાન કરી શકે તે માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ એકટ હેઠળ સ્થાનિક સંસ્થાઓ, ગ્રામીણ બેંકો, રાષ્ટ્રીયકૃત બેંકો, ખાનગી બેંકો અને સહકારી બેંકો, રાજ્ય તથા કેન્દ્ર સરકારની આવશ્યક સેવાઓ અંગેની કેટલીક કચેરીઓ, રેલ્વે, ટેલિફોન, તાર અને પોસ્ટ જેવી કેટલીક કચેરીઓ, દુકાનો, વાણિજ્ય સંસ્થાઓ, હોટલો, ઔધોગિક એકમો, સરકારી હોસ્પિટલો, પોલીસ સ્ટેશનો, ફાયર બ્રિગેડ અને આવશ્યક સેવાઓ આપતી અન્ય સંસ્થાઓ/કચેરીઓએ ચૂંટણીના સબંધિત દિવસે અઠવાડિક રજાની બદલીમાં વૈકલ્પિક વ્યવસ્થા કરીને આવા કર્મચારીઓ/શ્રમયોગીઓને તેમના વતનના રાજ્યમાં જવા માટે મતદાનની તારીખે ખાસ રજા આપવા આથી જણાવવામાં આવે છે.